For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વોર્ડ નં.15 અને 16ના મહિલા કોર્પોરેટરોએ સોશિયલ મીડિયામાં કાર્યક્રમમાં બોલાવાતા નહીં હોવાની હૈયાવરાળ ઠાલવી, જૂના કાર્યકરોનો પણ તેમને ગણકારવામાં નહીં આવતા હોવાનો આક્ષેપ

# ભાજપમાં ભડકો : સંગઠન દ્વારા અવગણના કરાતી હોવાનો મહિલા કોર્પોરેટરોનો બળાપો

**શહેર** પ્રમુખ મૌન કે અજાણ? વોર્ડ સંગઠનની હલકી રાજનીતિ સામે ચૂંટાયેલા પ્રતિનિધિએ બાંયો ચઢાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા સંસ્કારી નગરી વડોદરાના રાજકારણમાં સત્તાધારી પક્ષ ભાજપમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ હવે જાહેરમાં આવી ગઈ છે. શહેરના વોર્ડ નંબર 16માં ભાજપ સંગઠન દ્વારા આયોજિત એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં સ્થાનિક મહિલા




નગરસેવિકા સ્નેહલબેન પટેલને આમંત્રણ ન આપી તેમની ધરાર અવગણના કરવામાં આવતા રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાએ ભાજપના શિસ્ત અને 'સાથ અને સહકાર'ના દાવાઓ સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, વોર્ડ 16માં ભાજપ સંગઠન દ્વારા 'SIR'ની કામગીરી અને શક્તિકેન્દ્ર તેમજ બુથ કક્ષાએ મતદારોના નો-મેપિંગ ફોર્મ જમા લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શહેર ભાજપ મહામંત્રી ખાસ હાજર રહ્યા હતા. આટલા મોટા આયોજનમાં વોર્ડના જ ચૂંટાયેલા પ્રતિનિધિ સ્નેહલબેન પટેલની બાદબાકી કરવામાં આવી હતી. વોર્ડના હોદ્દેદારો જાણે પોતે જ 'સુપર કાઉન્સિલર' બની ગયા હોય તેમ ચૂંટાયેલા પ્રતિનિધિઓને હાંસિયામાં ધકેલી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

નગરસેવિકા સ્નેહલબેન પટેલે આ મામલે મૌન તોડતા સોશિયલ મીડિયા પર જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે વોર્ડ મહામંત્રી પરેશ પટેલની પોસ્ટ પર કમેન્ટ કરીને સણસણતો સવાલ પૂછ્યો હતો કે, શહેરના મહામંત્રી આવતા હોય તો તેમને કેમ જાણ કરવામાં આવી નથી? આ વિવાદ બાદ પક્ષમાં જૂથબંધીનો મામલો વધુ વણસ્યો છે. કાર્યકર્તાઓ ચૂંટણી પહેલા જ પક્ષના મોટા નેતાઓના 'ઝભ્ભા પકડીને' પોતાની ટિકિટ ફાઈનલ માની બેઠા છે અને ચાલુ ટર્મના નગરસેવકોની અવગણના કરી રહ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

## સ્નેહલબેન પટેલની ટીપ્પણી 'હું પણ ભાજપમાંથી જ ચૂંટાઈને આવી છું'


Snehal Manish Patel
પરેશભાઈ આપ પણ વોર્ડ ૧૬ ના મહામંત્રી છો ને શહેરના મહામંત્રી જસવંતશીહ બાપુ આવે આવા કેટલા msg મને મળતા નથી
આજે મારે જાહેરમાં લખવું પડે છે હું પણ ભારતીય જનતા પાર્ટી માંથી ચૂંટાઈ ને આવી છુ આતો વોર્ડ ૧૬ માં વર્ષો થી કોંગ્રેસ ના કોર્પોરેટર હતા
એટલે કદાચ તમે ભૂલી જતા હસો પણ હું બીજેપી માંથી ચૂંટાઈ ને આવેલી છુ વોર્ડ સંગઠન ને યાદ રહે એટલે લખું છુ કેમ કે હું તમને ગઈકાલ પણ પૂછ્યું હતું કે આપણે ક્યારે ને કેટલા વાગે જવાનું છે વિસ્તાર માં પણ આપનો ફોન આવ્યો નથી
Like Reply

વોર્ડ-16ના મહિલા નગરસેવિકા સ્નેહલબેન પટેલે સોશિયલ મીડિયા પર વોર્ડ મહામંત્રી પરેશ પટેલને આડેહાથ લેતા લખ્યું હતું કે, "પરેશભાઈ, આપ પણ વોર્ડ 16ના મહામંત્રી છો અને શહેરના મહામંત્રી જસવંતસિંહ બાપુ આવે આવા કેટલાય મેસેજ મને મળતા નથી. આજે મારે જાહેરમાં લખવું પડે છે કે હું પણ ભારતીય જનતા પાર્ટીમાંથી ચૂંટાઈને આવી છું. આ તો વોર્ડ 16માં વર્ષોથી કોંગ્રેસના કોર્પોરેટર હતા એટલે કદાચ તમે ભૂલી જતા હશો પણ હું બીજેપીમાંથી ચૂંટાઈને આવેલી છું." તેમણે વધુમાં જણાવ્યું હતું કે અગાઉ પૂછવા છતાં તેમને કોઈ ફોન કે મેસેજ કરવામાં આવ્યો નહોતો.

### આ કોઈ ઉત્સવ નહોતો કે આમંત્રણ આપવું પડે

આ કોઈ મોટો પ્રસંગ, ઉત્સવ કે પાર્ટીનો મોટો કાર્યક્રમ નહોતો કે જેમાં કોઈને વિશેષ આમંત્રણ આપવાનું હોય. ઉપરથી જ આદેશ છે કે શક્તિ કેન્દ્ર અને બૂથ પર તમામ હોદ્દેદારોએ ધ્યાન આપવું અને બીએલોનો ફોન આવતા જ હું સ્થળ પર પહોંચ્યો હતો, જ્યાં મહામંત્રી જસવંતસિંહ પણ હાજર હતા. પ્રમુખ સાહેબે મીટિંગમાં તમામ કાઉન્સિલરોને પોતાની જવાબદારી નિભાવવાની જાણકારી પહેલેથી જ આપી હતી. હું પક્ષનો વફાદાર માણસ છું, કોઈનો વ્યક્તિગત વ્યક્તિ નથી અને ઈમાનદારીથી કામ કરીને આગળ વધ્યો છું. જો ખરેખર કંઈ ખોટું થયું હોત તો પ્રમુખ સાહેબે તેની નોંધ લઈને કાર્યવાહી કરી હોત. આમાં કોઈ વિવાદ જેવું છે જ નહીં, દરેક વ્યક્તિએ માત્ર પોતાની જવાબદારી નિભાવવાની છે. - **પરેશ પટેલ,** વોર્ડ નં. 16 ના મહામંત્રી

### પક્ષના 'પાવર' વચ્ચે જવાબદારીની ફેંકાફેંકી

### 'મારે માત્ર વોર્ડ પ્રમુખને જાણ કરવાની હોય, બાકી જવાબદારી મારી નથી'

વોર્ડ-16 ના વિવાદ અંગે વડોદરા શહેર ભાજપ મહામંત્રી જસવંતસિંહે પોતાની સ્પષ્ટતા આપતા જણાવ્યું હતું કે, "હું શહેરનો મહામંત્રી છું અને SIR ની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે મારે જે તે વોર્ડમાં જવાનું હોય છે. નિયમ મુજબ, મારે માત્ર વોર્ડ પ્રમુખને મારા આગમનની જાણ કરવાની હોય છે, જે મેં કરી હતી. ત્યારબાદ વોર્ડ પ્રમુખે કોને આમંત્રણ આપ્યું કે કોને નથી આપ્યું, તે મારો વિષય રહેતો નથી." તેમણે વધુમાં ઉમેર્યું કે, "જ્યારે હું નિરીક્ષણ માટે પહોંચ્યો ત્યારે સ્થાનિક કાઉન્સિલર હાજર ન હતા એ વાત સાચી છે, પરંતુ પ્રમુખે તેમને જાણ કરી હતી કે નહીં તે અંગે મને ખ્યાલ નથી. જો સ્થાનિક મહિલા કાઉન્સિલરને આમંત્રણ ન મળ્યું હોય તો તેમને ખરાબ લાગે તે સ્વાભાવિક છે, પરંતુ આ બાબત મારી જવાબદારીમાં આવતી નથી." - **જસવંતસિંહ** મહામંત્રી

### વોર્ડ-15માં પણ વિવાદનો વંટોળ

### 'પોતાની લાઇન લાંબી કરવા બીજાની લાઇન ટૂંકી કરાય છે'

વોર્ડ 16નો આંતરિક વિવાદ હવે પડોશી વોર્ડમાં પણ ફેલાયો હોય તેમ જણાય છે. વોર્ડ 15ના અગ્રણી પારુલ પટેલે સ્નેહલબેન પટેલની વાતને સમર્થન આપતા જણાવ્યું છે કે, માત્ર વોર્ડ 16 જ નહીં પણ વોર્ડ 15માં પણ આવી જ સ્થિતિ છે. દરેક કાર્યક્રમમાં મહિલા કાઉન્સિલરોને જાણીજોઈને બાકાત રાખવામાં આવે છે. 'SIR'ની કામગીરી જેવી મહત્વની કાર્યશાળામાં પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓને કોઈ ફોન કરવામાં આવતા નથી. પારુલ પટેલે આકરા પ્રહારો કરતા લખ્યું કે, પાર્ટીના જ કેટલાક લોકો પોતાની લાઇન લાંબી કરવાના બદલે બીજાની લાઇન તોડવામાં અને છબી બગાડવામાં મચી પડ્યા છે. જાહેર ફરિયાદ કરવા છતાં કોઈ ફરક પડવાનો નથી તેવી લાચારી પણ તેમણે વ્યક્ત કરી છે.

### સિનિયર કાર્યકર્તાનો વસવસો 'પાર્ટીમાં પહેલા આવું નહોતું'

ભાજપના સીનીયર કાર્યકર્તા ગાવંદે મહેશ દ્વારા વોર્ડ નં. 16ના વિવાદમાં ઝંપલાવતા સંગઠન સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે, લાંબા સમય બાદ વોર્ડ 16માં ભાજપની બે બેઠકો આવી છે ત્યારે સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેની આ ફાંટ પાર્ટી માટે નુકસાનકારક છે. ગાવંદેએ પોતાનું દુઃખ વ્યક્ત કરતા ઉમેર્યું કે, તેઓ પક્ષના સીનીયર કાર્યકર્તા હોવા છતાં છેલ્લા પાંચ વર્ષથી સંગઠન તરફથી કોઈ પણ કાર્યક્રમ માટે તેમને ફોન કે જાણ કરવામાં આવતી નથી. પક્ષની વિચારધારા સાથે વર્ષોથી જોડાયેલા હોવા છતાં આવી અવગણના જોઈને તેમને ખૂબ જ દુઃખ થાય છે અને અગાઉ ભાજપમાં આવું ક્યારેય નહોતું તેવો વસવસો પણ તેમણે વ્યક્ત કર્યો છે.

કમિશનરે ખુદ નાગરિકોને ફોન કરી ફરિયાદોનું સ્ટેટસ જાણ્યું

# મ્યુ. કમિશનરની વોર્ડ નં. 13 અને 14માં 'સરપ્રાઈઝ વિઝિટ', અધિકારીઓમાં ફફડાટ

**સફાઈ** અને દબાણ મુદ્દે કડક સૂચનાઓ આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.5

મહાનગર સેવા સદનના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ આજે વહેલી સવારે એક્શન મોડમાં જોવા મળ્યા હતા. શહેરના વોર્ડ નંબર 13 અને 14ની કચેરીમાં તેઓએ કોઈ પણ પૂર્વ સૂચના વગર ઓચિંતી મુલાકાત લેતા પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. કમિશનરની આ મુલાકાતથી સુસ્ત વહીવટી તંત્રમાં ગરમાવો આવી ગયો હતો.

મુલાકાત દરમિયાન કમિશનરે વહીવટી કામગીરીની ઝીણવટભરી તપાસ કરી હતી. તેઓએ ઓફિસમાં રહેલી ફરિયાદ બુકની રેન્ડમ ચકાસણી હાથ ધરી હતી અને તેમાં નોંધાયેલી ફરિયાદોના આધારે કેટલાક નાગરિકોને સ્થળ પરથી જ જાતે ફોન કર્યા હતા. કમિશનરે નાગરિકો પાસેથી સીધો ફીડબેક મેળવ્યો હતો કે તેમની સમસ્યાઓ હલ થઈ છે કે કેમ? મોટાભાગના નાગરિકોએ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

વોર્ડ ઓફિસના અધિકારીઓ સાથે બેઠક યોજી કમિશનરે વિસ્તારમાં ચાલતી સફાઈ ઝુંબેશ અને ગેરકાયદેસર દબાણો મુદ્દે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેઓએ સફાઈ કામગીરીમાં વધુ અસરકારકતા લાવવા અને જનતાની સુખાકારીમાં વધારો થાય તે દિશામાં કામ કરવાના કડક નિર્દેશ આપ્યા હતા. કમિશનરના આગમનના સમાચાર વાયુવેગે પ્રસરતા સ્થાનિક નગરસેવકો પણ તાબડતોબ વોર્ડ ઓફિસ દોડી આવ્યા હતા.

તપાસ દરમિયાન વોર્ડ ઓફિસમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ પણ જોવા મળ્યો હતો. ઓફિસમાં પીવાના પાણીની વ્યવસ્થા ન હોવાનું ધ્યાન પર આવતા કમિશનરે નારાજગી વ્યક્ત કરી હતી, જેના પગલે તંત્ર દ્વારા તાત્કાલિક પાણીના જગ મંગાવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત કચેરીમાં મચ્છરોનો ઉપદ્રવ જણાતા તાત્કાલિક ફોગિંગ મશીન બોલાવી દવા છાંટવાની કામગીરી પણ હાથ ધરાવી હતી.

વોર્ડ નં. 13-14ની કચેરીમાં જ્યારે મ્યુનિસિપલ કમિશનરે અચાનક એન્ટ્રી કરી, ત્યારે સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. માત્ર હાજરી પૂરીને સંતોષ માનવાને બદલે કમિશનરે ફરિયાદ રજીસ્ટર ખોલ્યું અને રેન્ડમલી નંબર પસંદ કરી નાગરિકોને ફોન જોડ્યા. "હું મ્યુનિસિપલ કમિશનર બોલું છું, તમારી સમસ્યા હલ થઈ?" - આ પ્રશ્ન સાંભળીને અધિકારીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જોકે, સદનસીબે નાગરિકોએ હકારાત્મક પ્રતિસાદ આપતા તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. ઓફિસમાં પીવાના પાણી અને મચ્છરોના ત્રાસ જેવી પાયાની ખામીઓ પણ કમિશનરની નજરમાંથી બચી શકી નહોતી.

# બ્રિજ પ્રોજેક્ટ્સની કમિશનર દ્વારા તપાસ, બાંધકામ મટીરીયલથી અકસ્માત ન થાય તેનું ધ્યાન રાખવા આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમાં હાલમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે અલગ-અલગ 9 જેટલા ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. સોમવારે સવારથી જ વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ એક્શન મોડમાં જોવા મળ્યા હતા. તેઓ કોઈ પણ પૂર્વ સૂચના વગર અધિકારીઓના કાફલા સાથે ખોડિયાર નગર વિસ્તારમાં નિર્માણાધીન ઓવરબ્રિજની મુલાકાતે પહોંચતા કોન્ટ્રાક્ટરો અને કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.



કમિશનરે સ્થળ પર પહોંચીને બ્રિજના બાંધકામમાં વપરાતા મટીરીયલ અને કામની ગુણવત્તાની ઝીણવટભરી તપાસ કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વિકાસના કામોમાં ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. આ સાથે જ તેમણે એન્જિનિયરો પાસેથી બાકી રહેલા કામોની વિગતો મેળવી હતી અને બ્રિજ ક્યારે કાર્યરત થશે તે અંગેની સમયમર્યાદાની પણ જાણકારી મેળવી હતી. સોમવારે વહેલી સવારથી જ કમિશનર પોતે ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરી આવતા કોર્પોરેશનના અન્ય વિભાગોમાં પણ ફફડાટ જોવા મળ્યો હતો. કમિશનરની આ આકસ્મિક મુલાકાતને પગલે હવે કોન્ટ્રાક્ટરો દ્વારા કામમાં વધુ ગંભીરતા દાખવવામાં આવશે તેવું જણાઈ રહ્યું છે.

# પવનની ગતિ વધતા ઠંડીમાં વધારો : પારો 13.2 ડિગ્રી નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા સહિત રાજ્યમાં ઉત્તર પૂર્વથી પૂર્વ દિશા તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને બર્ફીલા પવનોને કારણે આગામી દિવસોમાં લઘુતમ તાપમાનમાં હજુ 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. સોમવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 27.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 13.2. ડીગ્રી સાથે ભેજનું પ્રમાણ સવારે 89 % અને સાંજે 47 % નોંધાયું હતું.

ઉત્તર પૂર્વથી પૂર્વ દિશા તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ઠંડીની તીવ્રતામાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને લીધે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. આગાહી મુજબ, નાગરિકોને વધુ ઠંડીનો અહેસાસ થશે. 9 જાન્યુઆરી સુધી રાજ્યમાં કમોસમી વરસાદની શક્યતા નહિવત છે.

2025માં બેંકમાંથી 1.97 કરોડની છેતરપિંડી કરી હતી

# ખોટા દસ્તાવેજોના આધારે હોમ લોન મેળવી ઠગાઈના ગુનામાં વધુ એક ભેજાબાજ ઝબ્બે

**એવરેસ્ટ** રેસીડેન્સીમાં આશ્રય લઈ રહ્યો હોવાની માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

ગોરવા પોલીસ મથક ખાતે વર્ષ 2025 માં બેંકમાંથી ખોટા દસ્તાવેજો ના આધારે 1.97 કરોડની હોમ લોન મેળવી ઠગાઈ કરવાના નોંધાયેલા ગુનામાં સંડાયેલા સાત આરોપી પૈકી નો વધુ એક આરોપીને ગોત્રીના હેવરેસ્ટ રેસીડેન્સીમાંથી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો.

ગોરવા પોલીસ મથકમાં 5 ઓગસ્ટ 2025 ના રોજ કુલ 16 આરોપીઓ સામે ઠગાઈનો ગુનો નોંધાયો હતો. જેમાં આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને 6 આરોપીઓએ હોમ



લોન મેળવવા તેમના દ્વારા દર્શાવેલા નોકરીના સ્થળે કંપનીમાં નોકરી નહીં કરતા હોવા છતાં પણ બીજા ત્રણ આરોપીઓએ લોનધારકો પાસેથી કમિશન પેટે રૂપિયા મેળવી લીધા હતા અને લોન ધારકોના નામના ખોટા દસ્તાવેજો જેમ કે આઈકાર્ડ, એપોઈન્ટમેન્ટ લેટર , સેલેરી સ્લીપો તથા ફોર્મ 16 અને અલગ અલગ બેંકોના સ્ટેટમેન્ટો ખોટા અને બનાવટી દસ્તાવેજો ઉભા કરીને ફાઈલ તૈયાર કરી એસબીઆઇ બેન્કના બે એજન્ટ આરોપી મારફતે હોમ લોન મેળવવા માંગતા આરોપીઓની ફાઈલો બેંકમાં રજૂ કરી દસ્તાવેજ ફીડ એક્ઝિક્યુટિવ દ્વારા હોમ લોન ધારકોના નોકરી તથા સ્થળના વેરિફિકેશન કરી ખોટા જોબ કન્ફર્મ ના વેરિફિકેશન સાથે એસબીઆઇ બેન્કને વિશ્વાસમાં લઈ હોમ લોન ધારકોને બેંકમાંથી 1.97 કરોડ ઉપરાંતની અલગ અલગ હુમલો નો મેળવવામાં મદદગારી કરી હતી. આ ગુનામાં સંડોવાયેલો આરોપી રણજીત હમીરભાઈ લોખેલ ગોત્રી ખાતેના એવરેસ્ટ રેસીડેન્સીમાં આશ્રય લઈ રહ્યો હોવાની ચોક્કસ માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમને સર્ચ કરી તેને ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે ગોરવા પોલીસ મથકને સોંપવામાં આવ્યો હતો.

# જાહેરમાં મારામારી કરનાર ચાર ઈસમોને કાયદાના પાઠ ભણાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા શહેરના હાથીખાના ગેટ નંબર 1 ની સામે ચિકન શોપ પાસેના જાહેર રોડ પર પતંગની લારી લગાવવા મામલે કેટલાક ઈસમોએ રોડ પર ઝગડો કરી એકબીજા સાથે ઝપાઝપી અને બાથમ બાથી કરી બખેડો કર્યો હતો. જેના કારણે અન્ય લોકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. આ ઝપાઝપીનો વીડિયો ત્યાંથી પસાર થતા એક નાગરિકે ઉતારી વાયરલ કર્યો હતો. જે વાયરલ થયેલા વીડિયોને આધારે કુંભારવાડા પોલીસ હરકતમાં આવી હતી અને જાહેરમાં મારામારી કરી સુલેહશાંતિનો ભંગ કરી બખેડો કરી ગુનો કરનાર અબ્દુલમજીદ સૈયદ, અબ્દુલરમઝાન સૈયદ બંને રહે હાથીખાના ગેટ સામે ઈન્દિરાનગર તથા બીજા જૂથના અબ્દુલગની સૈયદ અને આરીફ સૈયદ રહે,અજબડીમીલ યાકુતપુરાની ધરપકડ કરી હતી અને કાન પકડાવી ઉઠક બેઠક કરાવી કાયદાના પાઠ ભણાવ્યા હતા.

એક અધિકારી પાસે વધુ વિભાગની જવાબદારી હોવાથી શહેરની કથળતી હાલત

# નવાબજારમાં દબાણ હટાવવાની કામગીરીમાં પક્ષપાત કરાયો હોવાનો વેપારીઓનો આક્ષેપ

**જેસીબી** ફરી વળ્યું પણ વિવાદ શમ્યો નહીં; દબાણ હટાવવામાં પક્ષપાત થયો હોવાના આક્ષેપોથી બજાર ગરમાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના વોર્ડ નંબર 14 માં આવેલા અને અત્યંત ગીચ ગણાતા નવાબજાર વિસ્તારમાં આજે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે ઓચિંતી ત્રાટકીને રસ્તા પરના દબાણો દૂર કરવાની કડક કામગીરી હાથ ધરી હતી. લાંબા સમયથી વેપારીઓ દ્વારા રસ્તા પર વધારવામાં આવેલા ઓટલાઓને જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા, જેના કારણે સ્થાનિકો અને ગ્રાહકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



નવાબજાર વિસ્તારમાં દિવાળી બાદ અને લગ્નસરાની સીઝન પૂર્વે ખરીદી કરવા આવતા લોકો તેમજ ટુ-વ્હીલર ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ સમસ્યાને ધ્યાને રાખીને પાલિકાની ટીમે આજે પોલીસ બંદોબસ્ત સાથે ઓપરેશન હાથ ધર્યું હતું અને રસ્તો દબાણમુક્ત કરી રસ્તાઓ પહોળા કર્યા હતા. આ કામગીરી દરમિયાન પાલિકાના વહીવટી માળખાની નબળાઈઓ પણ ચર્ચાનો વિષય બની હતી. ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાના અધિકારી મંગેશ જયસ્વાલ પાસે હાલ ગાર્ડન વિભાગ અને દબાણ શાખા જેવી મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે, એક જ અધિકારી પર અનેક વિભાગોનો બોજો હોવાને કારણે કામગીરી જોઈએ તેવી પરિણામલક્ષી અને જવાબદારીપૂર્વક થતી નથી. કાર્યભાર વધવાને લીધે વ્યવસ્થા ખોરવાઈ રહી છે, જેનું સીધું નુકસાન શહેરની જનતાએ ભોગવવું પડી રહ્યું છે.

દબાણ હટાવવાની ઝુંબેશ દરમિયાન વેપારીઓ અને સ્થાનિકોમાં ભારે ગણગણાટ જોવા મળ્યો હતો. કેટલાક વેપારીઓએ આક્ષેપ કર્યો હતો કે પાલિકાની દબાણ શાખા દ્વારા અમુક ચોક્કસ લોકોને નિશાન બનાવવામાં આવ્યા છે, જ્યારે અન્ય વગદાર લોકોના દબાણો હટાવવામાં પક્ષપાત દાખવવામાં આવ્યો છે.

વડોદરામાં રખડતા ઢોરનો કહેર | વર્ષે 3 કરોડનો ધુમાડો, છતાં જનતા સુરક્ષિત નથી !

# 12 મહિનામાં 2789 ઢોર પકડાયા, પણ છાણીથી માંજલપુર સુધી સ્થિતિ ઠેરની ઠેર; પશુ માલિકોને આકરો દંડ પણ અસર શૂન્ય



**પશુઓ** રોડની વચ્ચે જ બેસી રહેતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવનું જોખમ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન ગંભીર બનતો જઈ રહ્યો છે. વડોદરા મહાનગર પાલિકા દ્વારા પશુઓને પકડવાની ઝુંબેશ સતત ચલાવવામાં આવી રહી હોવા છતાં, શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઢોરનો અડીંગો યથાવત છે. પાલિકાના સત્તાવાર આંકડા મુજબ, છેલ્લા 12 મહિનામાં (જાન્યુઆરીથી 25 ડિસેમ્બર, 2025 સુધી) કુલ 2789 રખડતા ઢોર પકડવામાં આવ્યા છે, તેમ છતાં નાગરિકોની મુશ્કેલીઓમાં કોઈ ઘટાડો થયો નથી.

શહેરના અનેક વિસ્તારોમાં પશુઓ રોડની વચ્ચે જ બેસી રહેતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવનું જોખમ ઊભું થયું છે. ખાસ કરીને શાકમાર્કેટ, છાની જકાતનાકા, લહેરીપુરા, ખોડિયારનગર, ગોત્રી તળાવ પાસે, હરણી, સોમતળાવ અને માંજલપુર જેવા વિસ્તારોમાં ઢોરનો ત્રાસ સૌથી વધુ જોવા મળી રહ્યો છે. ચોમાસા દરમિયાન આ સમસ્યા વિકરાળ બને છે, જેના કારણે પાલિકાની ટીમોએ વધુ દોડધામ કરવી પડે છે.

રોડ પર અચાનક પશુઓ આવી જવાથી કે ઢોરની અડફેટે આવવાથી અનેક અકસ્માતો સર્જાય છે. ભૂતકાળમાં પશુઓએ શિંગડે ચડાવતા અનેક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે અને કેટલાક કિસ્સાઓમાં નિર્દોષ નાગરિકોએ જીવ પણ ગુમાવ્યા છે. આ સ્થિતિને પગલે શહેરીજનોમાં ભારે રોષ અને ભયનો માહોલ છે. લોકોનું કહેવું છે કે પાલિકા માત્ર કાગળ પર કામગીરી કરવાને બદલે હવે નક્કર અને પરિણામલક્ષી પગલાં ભરે તે જરૂરી છે.

### ગોપાલક પાસેથી ઢોરનો નિભાવ ખર્ચ 1 હજાર રૂપિયા વસૂલવામાં આવે છે

વડોદરા મહાનગર પાલિકાના વેટરનરી ઓફિસર વિજય પંચાલના જણાવ્યા અનુસાર, "પાલિકા દરરોજ અલગ-અલગ વિસ્તારોમાં ઢોર પકડવાની કામગીરી કરે છે. પકડેલા પશુઓના નિભાવ પાછળ વર્ષે 3 કરોડથી વધુનો ખર્ચ થાય છે, જેમાં ઘાસચારો, સફાઈ, દવા અને ગૌશાળામાં ટ્રાન્સપોર્ટના ખર્ચનો સમાવેશ થાય છે. પશુ માલિકોમાં ડર બેસે તે માટે કડક દંડની જોગવાઈ છે. પકડાયેલા ઢોરને છોડાવવા માટે રૂ. 4 થી 4.5 હજારનો દંડ અને પ્રતિ દિવસ રૂ. 1 હજાર નિભાવ ખર્ચ વસૂલવામાં આવે છે."



# ઉત્તરાયણ પૂર્વે પતંગના 'દોરા'નો કહેર યથાવત, ત્રણ યુવાનો ઘાયલ

**ટુ-વ્હીલર** ચાલકોને ગળાના ભાગે ઈજા, ત્રણેયને સયાજી હોસ્પિટલમાં ખસેડાયા, હાલત સુધારા પર

(પ્રતિનિધિ), વડોદરા. તા. 5

શહેર અને જિલ્લામાં ઉત્તરાયણના તહેવારની શરૂઆત થાય તે પહેલાં જ પતંગના જીવલેણ દોરાથી ટુ-વ્હીલર ચાલકોને ઈજા થવાના ત્રણ બનાવો સામે આવ્યા છે. આ ત્રણેય બનાવોમાં યુવાનોને ગળાના ભાગે ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત સુધારા પર હોવાનું તબીબોએ જણાવ્યું છે.



ન્યૂ વી.આઈ.પી. રોડ પર રહેતા અજય ભોલાભાઈ વાઘેલા (ઉ.વ. ૨૨) રવિવારે સાંજે કિશનવાડી ચોકડી પાસેથી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક પતંગનો દોરો ગળામાં ભરાતાં તેમને ગંભીર ઈજા થઈ હતી.

બીજા બનાવમાં, રાવપુરા જ્યુબિલી બાગ પાસે રહેતા કમલભાઈ મનુભાઈ જીનગર (ઉ.વ. ૫૩) રવિવારે સાંજે જેતલપુર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેઓ પણ પતંગના દોરાથી ઘાયલ થયા હતા.

ત્રીજો બનાવ નર્મદા જિલ્લાના રાજપીપળાનો છે, જ્યાં રહેતા સુરેશભાઈ પરષોતમભાઈ રાણા (ઉ.વ. ૨૫) રવિવારે બપોરે કેલનપુર પાસેથી ટુ-વ્હીલર પર નીકળ્યા હતા અને તેમના ગળામાં પણ પતંગનો દોરો આવી જતાં ઈજા પહોંચી હતી.

આ ત્રણેય ઈજાગ્રસ્તોને સમયસર સયાજી હૉસ્પિટલમાં સારવાર માટે પહોંચાડવામાં આવ્યા હતા.